# પ્રવૃત્તિનું નામ :- ઈન્ટરવ્યું સ્કીલ - ૦૭

## તા.૧૨/03/૨૦૨૨ શનિવાર ઉદ્દિશા પ્લેસમેન્ટ અંતર્ગત કરીયર ગાઈડન્સ સેમિનાર








દિવ્ય ભાસ્કર નવસારી 13-03-2022

**ખેરગામમાં GST અને કેરિયર ગાઇડન્સ અંગે માર્ગદર્શન સેમિનાર યોજાયો**

ખેરગામ | ખેરગામની સરકારી કોલેજમાં શનિવારે ઉદ્દિશા પ્લેસમેન્ટ અને કોમર્સ વિભાગ અંતર્ગત આચાર્ય ડો. એસ.એમ. પટેલનાં માર્ગદર્શન હેઠળ "GST and GST as a career" ઓફલાઈન સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું. જે નિમિત્તે મૂળ વલસાડના એડવોકેટ અને ટેક્ષ કન્સલટન્ટ અલ્પેશભાઈ ઉપાધ્યાયે GST નો પરિચય, GST કેરીયર ડેવલપમેન્ટ તેમજ GST અગાઉના ટેક્ષ જેમકે એક્સાઈઝ ડ્યુટી, વેટ, એંટ્રીટેક્ષ, એડિશનલ ટેક્ષ, સર્વિસ ટેક્ષ વિશેની ઉદાહરણ સાથે સચોટ અને સરળ ભાષામાં રજૂઆત કરી હતી તેમજ વર્તમાન ટેક્ષ, GST અંગેનો વિવિધ પાસાને આવરીને વિદ્યાર્થીઓને સચોટ માર્ગદર્શન આપ્યું હતું. કાર્યક્રમનું સંચાલન અને આભાર પ્રા.જીગર પરમારે વ્યક્ત કર્યો હતો.

**GST નો પરીચય, GST કરીયર ડેવલોપમેન્ટ તેમજ GST અગાઉઅના ટેક્ષ જેમકે એકસાઈઝ ડ્યૂટી , વેટ, એન્ટ્રી ટેક્ષ, એડિશનલ ટેક્ષ, સર્વિસ ટેક્ષ વિષયની ઉદાહરણ સાથેવિદ્યાર્થીઓને સમગ્રલક્ષી માર્ગદર્શન આપતા એડવોકેટ અને ટેક્ષ કન્સલ્ટન્ટ શ્રી અલ્પેશ ઉપાધ્યાય.**

## ૧૦.૧.૪. ફિનિશિંગ સ્કૂલ અહેવાલ - શૈ.વર્ષ : ૨૦૨૧-૨૨

પ્રા. ચેતના બી. પટેલ
પ્રા. મેહુલ એન. પટેલ

ગુજરાત સરકારશ્રીના શિક્ષણ વિભાગ તેમજ નોલેજ કોન્સોર્ટીયમ ગુજરાત (KCG) અમદાવાદ દ્વારા આયોજીત "ફીનીશીંગ સ્કૂલ પ્રકલ્પ" રાજ્યની કુલ ૨૫૩ કોલેજોમાં કાર્યરત છે. જેનો હેતુ વિદ્યાર્થીઓમાં રહેલ કૌશલ્યને ઓળખી તથા માન્ય ટ્રેનરો દ્વારા તેને યોગ્ય ટ્રેનિંગ આપી વ્યાવસાયિક તક આપવાનો તથા વિદ્યાર્થીને આર્થિક રીતે પગભર કરવાનો છે. હાલમાં ચાલી રહેલ કોરોના વૈશ્વિક મહામારીને ધ્યાનમાં લઈ સરકારશ્રીની ગાઇડ લાઇન મુજબ ફીનીશીંગ સ્કૂલની ટ્રેનિંગ ઓફલાઈન માધ્યમથી શરૂ કરવાનું જણાવવામાં આવેલ, જે સંદર્ભે અત્રેની સરકારી વિનયન અને વાણિજ્ય કોલેજ, ખેરગામ ખાતે તા.**03/08/2021**ના રોજ આચાર્યશ્રીના માર્ગદર્શન હેઠળ ફીનીશીંગ સ્કૂલનાં પ્રથમ તબક્કાની વિધિવત શરૂઆત કરવામાં આવી. જેમાં કોલેજનાં S.Y/T.Y.B.A/B.Com.નાં કુલ 38 વિદ્યાર્થીઓએ ભાગ લીધો. આચાર્યશ્રી ડૉ.એસ.એમ.પટેલ દ્વારા વિદ્યાર્થીઓને આશિર્વચન આપવામાં આવ્યા તથા ફીનીશીંગ સ્કૂલ કો-ઓર્ડિનેટર પ્રા.મેહુલકુમાર પટેલ દ્વારા વિદ્યાર્થીઓને ફીનીશીંગ સ્કૂલની પ્રારંભિક માહિતી આપવામાં આવી. KCG માન્ય ટ્રેનર ઝીલ શુક્લા દ્વારા પ્રથમ બે તબક્કાની ટ્રેનિંગ **તા.03/08/2021 થી 07/08/2021 (Component-1 Life Skills) તથા તા.09/08/2021 થી 13/08/2021 (Component-2 Employability Skills)**નાં સમયગાળા દરમિયાન આપવામાં આવી, જેમાં વિદ્યાર્થીઓને Self awareness, self Esteem, Self Confidence, Stress Management, Interview Skills, Presentation Skills વગેરે મુદ્દાઓ પર વિસ્તૃત માહિતી આપવામાં આવી. ટ્રેનિંગનાં અંતે વિદ્યાર્થીઓનાં પ્રતિભાવો લેવામાં આવ્યા, જેમાં વિદ્યાર્થીઓ તરફથી હકારાત્મક પ્રતિભાવો મળેલ છે.

તા.**14/12/2021** થી **18/12/2021** દરમિયાન **Finishing SchoolComponent-3 (Functional English Skills-1)** તથા તા.**20/12/2021** થી **24/12/2021** દરમિયાન **Finishing SchoolComponent-4 (Functional English Skills-2)**ની ટ્રેનિંગ હરિતા પટેલ દ્વારા આપવામાં આવી. જેમાં વિદ્યાર્થીઓને અંગ્રેજી વ્યાકરણનું પાયાનું જ્ઞાન આપવામાં આવ્યું. વિદ્યાર્થીઓ અંગ્રેજી બોલતાં થાય અને અંગ્રેજીનું જ્ઞાન તેમને વ્યાવસાયિક ક્ષેત્રે પણ ઉપયોગી બને એ આ ટ્રેનિંગનો મુખ્ય હેતુ રહ્યો છે. ટ્રેનિંગનાં અંતે ફીનીશીંગ સ્કૂલનાંઆસિસ્ટન્ટ કો-ઓર્ડિનેટરપ્રા.ચેતનાબેન પટેલ દ્વારા આભારવિધિ કરવામાં આવી હતી.

**Set – A**

**Date :- 03/08/2021 To 07/08/2021**





















INTERVIEW QUESTIONS
What not to ask the interviewer:
• About Salary
• Leaves in a year/ Leave policy
• What Does Your Company Do?
• When will get a Promotion?
• Will the company give me study leave?
• Does the company give Loan?
• What Are the Weekly Hours and Do I Work Weekends?
WHERE?
WHAT?
WHO?
WHEN?





# Set – B

## Date :- 09/08/2021 to 13/08/2021




















GOVERNMENT ARTS & COMMERCE COLLEGE-KHERGAM

# Set – C

## Date:- 14/12/2021 to 18/12/2021




















# Set - D

## Date:- 20/12/2021 to 24/12/2021








## ખેરગામ કોલેજમાં ફિનિશિંગ સ્કૂલના ત્રીજા-ચોથા તબક્કાની ઓફલાઈન ટ્રેનિંગ

**કુલ 38 વિદ્યાર્થીએ ટ્રેનિંગમાં ભાગ લીધો હતો**



ભાસ્કર ન્યૂઝ | ખેરગામ

ખેરગામ સરકારી વિનયન અને વાણિજ્ય કોલેજમાં શૈક્ષણિક 14થી 24 ડિસેમ્બર દરમિયાન ચાલનારા ગુજરાત સરકાર દ્વારા અયોજિત અને કે.સી.જી. અમદાવાદ સંચાલિત ફિનિશિંગ સ્કૂલના કોમ્પોનન્ટ-3 અને 4 Set-B and Set-D- FUNCTIONAL AND SPOKEN ENGLISHનો સંસ્થાના આચાર્ય ડો.એસ.એમ.પટેલના માર્ગદર્શન હેઠળ આંરભ થયો હતો. આ ત્રીજા અને ચોથા તબક્કાની તાલીમ દરમિયાન અમદાવાદથી ટ્રેનર હરિતા પટેલ ઉપસ્થિત રહ્યાં હતા. સમગ્ર કાર્યક્રમનું સંચાલન ફિનિશિંગ સ્કૂલના આ.કો. ઓર્ડિનેટર પ્રા.મેહુલકુમાર એન.પટેલે કર્યું હતું તેમજ પ્રા. ચેતનાબેન બી. પટેલે વિદ્યાર્થીઓના રજીસ્ટ્રેશનની કાર્યવાહી હાથ ધરી હતી. જેમાં કુલ 38 વિદ્યાર્થીએ ટ્રેનિંગમાં ભાગ લીધો હતો.

## ખેરગામ કોલેજમાં ફિનિશિંગ સ્કૂલમાં ઓફલાઈન ટ્રેનિંગ શરૂ



ખેરગામ | સરકારી વિનયન અને વાણિજ્ય કોલેજ ખેરગામમાં શૈક્ષણિક વર્ષ 2021-22 દરમિયાન 3 થી 7 ઓગસ્ટ મંગળવારથી શનિવાર સુધી ચાલનારા ગુજરાત સરકાર દ્વારા અયોજિત અને કે.સી.જી. અમદાવાદ સંચાલિત ફિનિશિંગ સ્કૂલના પ્રથમ 'Set A - Employability Skills'નો આંરભ થયો હતો. આ પ્રથમ તબક્કાની ઓફલાઈન તાલીમ માટે વડોદરાથી ઝીલ શુક્લા ઉપસ્થિત રહ્યાં હતા. સંસ્થાના આચાર્ય ડો.એસ.એમ.પટેલે આવેલા ટ્રેનરનું શાબ્દિક પરિચય આપી પુષ્પગુચ્છથી આવકાર્યા હતા સમગ્ર કાર્યક્રમનું સંચાલન જી.એસ.હરીકૃષ્ણ પટેલે કર્યુ હતું. કો.ઓર્ડિનેટર અને ગુજરાતીના પ્રા.ડો. મીનાક્ષીબેન પટેલે વિદ્યાર્થીઓના રજીસ્ટ્રેશનની કાર્યવાહી હાથ ધરી જેમાં ઉત્સાહી વિદ્યાર્થીઓએ ટ્રેનિંગમાં ભાગ લીધો હતો.

### ૧૦.૧.૫ સ્ટુડન્ટ સ્ટાર્ટઅપ એન્ડ ઇનોવેશન પોલિસી (SSIP) અહેવાલ - શૈ.વર્ષ : ૨૦૨૧-૨૨

**પ્રા.જીગરકુમાર વી. પરમાર**

**કૉ.ઓર્ડિનેટર**

ગુજરાત સરકારની સ્ટુડન્ટ સ્ટાર્ટઅપ એન્ડ ઇનોવેશન પોલિસીનો હેતુ યુવાનોમાં નવીનત્તમ વિચારોને સમર્થન આપવા માટે એક રાજયવ્યાપી યુનીવર્સીટી આધારિત નવીનતા ઇકો સીસ્ટમ બનાવવાનો છે. વિદ્યાર્થીઓમાં રહેલ સર્જનાત્મક શક્તિનો મહત્તમ ઉપયોગ થાય અને તેમની અંદર રહેલી સુષુપ્ત શક્તિને જાગ્રત કરીને એ શક્તિનો પોતાના વ્યકતિત્વનાં વિકાસ થકી રાજ્ય, દેશના વિકાસમાં યોગદાન આપી રાષ્ટ્રનાં વિકાસમાં સહભાગી બને અને તેમની સર્જનશક્તિને અનુકૂળ વાતાવરણ પ્રદાન કરે તે માટે SSIP કાર્ય કરે છે. વિદ્યાર્થીઓના પ્રોજેક્ટ, સંશોધન, નવીનત્તમ વિચારોને સાંભળીને તેને હેન્ડ હોલ્ડીંગ દ્વારા માઈન્ડ ટુ માર્કેટમાં સહાયક ભૂમિકા SSIP ભજવે છે. કોલેજ કક્ષાએ આચાર્યશ્રીનાં અધ્યક્ષપણા હેઠળ SSIP સેલની રચના કરવામાં આવી છે જેમાં SSIP કૉ.ઓડીનેટર, આસી. કૉ. ઓડીનેટર અને સભ્ય કાર્યચાલક કમિટી કાર્યરત છે. શૈ.વર્ષ:૨૦૨૦-૨૧ દરમિયાન ૬૬ જેટલા વિદ્યાર્થીનીઓએ ઉત્સાહ દર્શાવતા તેઓ પોતાના પગ પર ઉભા રહી શકે તે માટેના તાલીમી વર્ગોનું આયોજન કરવામાં આવ્યું હતું જેની ઝાંખી નીચે મુજબ છે.

## તા.૨૯/૦૭/૨૦૨૧ - SSIP અને સપ્તધારા અંતર્ગત રાખડી બનાવવાનો કાર્યક્રમ















તા.૨૯/૦૭/૨૦૨૧ ને ગુરુવારના રોજથી ૦૭/૦૮/૨૦૨૧ શનિવાર સુધી સંસ્થાના આચાર્યશ્રી ડૉ. એસ. એમ. પટેલ સાહેબશ્રીના માર્ગદર્શન હેઠળ SSIP અને સપ્તધારા અંતર્ગત રાખડી બનાવવાનો કાર્યક્રમ હાથ ધરવામાં આવ્યો, જેમાં કૉલેજના વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો.

# ૧૦.૨. વિભાગ અંતર્ગત થયેલ પ્રવૃતિઓનો અહેવાલ શૈ.વર્ષ : ૨૦૨૧-૨૨

## ૧૦.૨.૧. અંગ્રેજી વિભાગ દ્વારા થયેલ પ્રવૃત્તિ. શૈ.વર્ષ : ૨૦૨૧-૨૨

### તા.૨૧/૦૨/૨૦૨૨ - આંતરરાષ્ટ્રીય માતૃભાષા દિવસ








આંતરરાષ્ટ્રીય માતૃભાષા દિવસ નિમિત્તે કૉલેજમાં કાર્યક્રમ કરી રહેલા અધ્યાપકો, એન.એસ.એસ.ના સ્વયંસેવકો અને વ્યાખ્યાતા તરીકે કેરાલા યુનિ.ના સ્ટુડન્ટ શ્રીમતી આયના બેન્જામીન ઉપસ્થિત રહ્યા હતા.

## ૧૦.૨.૨. ગુજરાતી વિભાગનો અહેવાલ શૈ.વર્ષ : ૨૦૨૧-૨૨

પ્રા.ડો.મીનાક્ષીબેન આર. પટેલ
અધ્યક્ષ ગુજરાતી વિભાગ

જેમ ડુંગરમાંથી નીકળતી નદીનો પ્રવાહ સમુદ્ર સુધી વધતો – ઓછો અસ્ખલિત વહે છે તેમ ભાષા પણ એના ઉદગમકાળથી આજ પર્યંત સતત વહેતી અને વિકસતી આવી છે. ભાષાનો ઉદ્ભવ અને વિકાસ સમાજમાં થાય છે. એટલે સમાજનું અસ્તિત્વ ભાષાને આભારી છે. ભાષા અને સમાજ બંને એકબીજાને પરસ્પરાશ્રિત છે. ભાષા વિશે એમ કહી શકાય કે, ભાષા સમાજની, સમાજ માટે અને સમાજ દ્વારા નિર્માય છે. આપણે તેને માતૃભાષા કહી છીએ. માનવમાત્રનો પ્રત્યેક વ્યવહાર ભાષા દ્વારા જ શક્ય બને છે. વ્યક્તિ-વ્યક્તિ કે વ્યક્તિ અને સમાજ વચ્ચે સ્થપાયેલો સંબંધ ભાષાને આભારી છે. આજના માનવીનો સંબંધ માત્ર નામ, રાષ્ટ્ર કે દેશ પૂરતો જ નહીં, પણ વિશ્વના દેશો સુધી વિસ્તર્યો છે. એના મૂળમાં ભાષા છે. એ ભાષાની સર્વવ્યાપકતા છે. સંસ્કૃતના આચાર્ય દંડી પોતાના 'કાવ્યાદર્શ' ગ્રંથમાં વાણી-ભાષાને લોકવ્યવહારનો મુખ્ય આધાર ગણાવે છે, સાથે સાથે ભાષાનાં મહત્વ વિશે કહ્યું છે,

वाचामैव प्रसादेन लोकयात्रा प्रवर्तते...
इदमन्धतमः कत्स्नं जायते भुवनत्रयम् ।
यदि शब्दाहवयं ज्योतिरासंसारं न दीप्यते ।।
(काव्यादर्श १.४)

અર્થાત્ "વાચાવાણીની કૃપાથી લોકયાત્રા – વ્યવહાર ચાલે છે. જો સૃષ્ટિના આરંભથી ભાષાની જ્યોતિ પ્રજવલિત ન હોત તો આ ત્રિભુવનમાં ઘોર અંધકાર થઈ જાત."

સંસારમાં એવો કોઈ વ્યવહાર નથી જે ભાષા વિના સંભવ હોય. સમસ્ત જ્ઞાન શબ્દ-ભાષા સાથે અનુબદ્ધ છે. કોઈ પણ સમાજની ઉન્નતિ તેની ભાષાની ઉન્નતિ પર જ અવલંબે છે. ભાષાને તો આજના માનવીય સભ્યતા અને સંસ્કૃતિના ઉત્કર્ષનો પાયો માનવામાં આવે છે. ભાષાએ રોજિંદા વાણી વ્યવહારનું મુખ્ય અને અગત્યનું સાધન છે. ભાવ વિચાર, લાગણી કે ઇચ્છા શોક, આનંદની અભિવ્યક્તિનું સર્વોત્તમ સાધન કે માધ્યમ લેખિત ભાષા છે.વ્યક્તિ પોતાની લાગણી , વિચાર , ભાવ કે આનંદ બીજા વ્યક્તિ સુધી પહોંચાડી શકે છે. ભાષા અભિધા, લક્ષણા અને વ્યંજના આમ શબ્દની ત્રણે શક્તિથી પ્રયોજીને વાચ્યાર્થ, લક્ષ્યાર્થ અને વ્યંગ્યાર્થનાં આધારે અનેક ગ્રંથો રચાયા છે.

તા.૨૪/૦૮/૨૦૨૧ ના રોજ વીર નર્મદની ૧૮૮ મી જન્મજ્યંતીની ઉજવણી કોલેજ કક્ષાએ ઉજવવામાં આવી, જેમાં વક્તૃત્વ સ્પર્ધા, કાવ્યગાન વગેરેનું આયોજન કરવામાં આવ્યું હતું.